સે-૪માં ઘર પાસે રમતા બાળક પર કારનું ટાયર ફરી વળતા મૃત્યુ

ગાંધીનગર, તા.૨૯

દિવાળીના દિવસોમાં ઘર આગળ રમી રહેલા નાનકડા ફુલ જેવા અઢી વર્ષના બાળક પર કારનું ટાયર ફરી વળતા કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયુ હતું. સાંજના સમયે બનેલી ઘટનાને પગલે પરિવારના સભ્યો સહિત સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૪ એ પ્લોટ નં. ૧૪૬-૨ ખાતે રહેતા આર્મી જવાન ઈલેશભાઈ રાઠોડ જોધપુર ખાતે ફરજ બજાવે છે. જયારે તેમના પત્ની દક્ષાબેન, મોટો દિકરો ધાર્મિક, તેજમ નાનો દિકરો અર્થવ (અઢીવર્ષ) સેકટર-૪ ખાતે રહે છે. દિવાળીનો તહેવાર હોવાથી પરિવારના સભ્યો વતન જતા રહ્યા હતા. જેથી દક્ષાબેન બંન્ને દિકરા સાથે ઘરે

હાજર હતા. ત્યારે ઘર પાસે સાંજના સુમારે અર્થવ પોતાની મસ્તીમાં રમી રહ્યો હતો.ત્યારે એક કારના ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા અર્થવ કારના ટાયર નીચે આવી ગયો હતો. જેથી દક્ષાબેન સહિત આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા. તાત્કાલીક અર્થવને ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. જયાં ફરજ પરના તબિબે તપાસી અર્થવને મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે પરિવાર પર આભ તુટી પડ્યુ હતું. બનાવની જાણ થતા અર્થવના પિતા અને પરિવારજનો પણ વતનથી પરત ફર્યા હતા. પરિવારના હૈયાફાટ રૂદનથી સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું.

જયારે બનાવ અંગે પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી તરીકે એલ.કે.મકવાણાને નિયુક્ત કરાયા છે.

● જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારી તરીકે ડો.વિક્રમસિંહે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● ગાંધીનગર શહેરના જાણીતા વૈદ્ય ભાલચંદ્ર હાથીનું દુઃખદ અવસાન થયું છે.

● દેનાબેન્કના પૂર્વ કર્મયોગીની રેખાબેન રાવલનું દુઃખદ અવસાન થયું છે.

● ગાંધીનગર જિલ્લાનું તંત્ર પ્રધાનમંત્રીના પ્રવાસને લઈ વ્યસ્ત બન્યું છે.

● ગાંધીનગર શહેર જિલ્લામાં ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચ્યો હતો.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૦ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આજે મળી હતી.

● ૩૧ ઓકટોબર અને ૧લી નવેમ્બરના રોજ પ્રધાનમંત્રીશ્રીના ગાંધીનગર ખાતેના પ્રવાસને લઈ નો ફલાઈંગ ઝોન જાહેર કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

● નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત રાજય સરકારનો સમાન ફાળો વધારવા અંગેનો પરિપત્રજારી કરી દેવાયો છે.

● રાજય સરકારે સંયુકત સચિવમાંથી અધિક સચિવ, ઉપસચિવમાંથી નાયબ સચિવ અને સેકશન ઓફીસરમાંથી ઉપસચિવની બદલીના હુકમો જારી કર્યા છે.

● ગાંધીનગર શહેરમાં શિયાળાના આગમન સાથે સાથે તિબેટીયન બજારો પણ શરૂ થયા છે.

સૌંદર્ય-૪૪૪ માં એક સાથે ૬ ફલેટના તાળા તુટ્યા : ૩.૧.૫૩ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૯

શહેરના ખ માર્ગ પર સૌંદર્ય-૪૪૪ માં સોસાયટીમાં એક સાથે ૬ ફલેટના તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. પોલીસે ૩.૧.૫૩ લાખની મત્તાની ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે એક સાથે છ મકાનના તાળા તુટતા સ્થાનિક નાગરીકોમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૩ ખાતે રહેતા રમેશ બારૈયાના બહેન આશાબેન નગીનભાઈ બાલસ તેમના દિકરા જયકુમાર સાથે સૌંદર્ય-૪૪૪ ફલેટ નં એસ-૨૦૨ માં રહે છે. તેમના બંધ ફલેટના તાળા તુટ્યાની જાણ થતા રમેશભાઈ હડમતીયા દોડી ગયા હતા. જયાં જાણ થઈ કે તેમના ફલેટનો દરવાજો તુટેલી હાલતમાં છે અને બેડરૂમનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો.ત્યારબાદ વતનમાં ગયેલા ભાણીયાને વિડીયો કોલ કરતા સોના-ચાંદીના દાગીના તેમજ કેમેરો મળીને કુલ ૩.૧.૫૩ લાખ મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. જયારે આ સોસાયટીમાં બ્લોક નં.૩૦૧, આર.૪૦૨, ટી.૨૦૩, અને ૩૦૨ અને ૩૦૩ ના પણ તાળા તુટતા વસાહતીઓ ડર જોવા મળી રહ્યો છે. સૌંદર્ય-૪૪૪ માં સીસીટીવી કેમેરાથી સજજ અને સલામતી ગાર્ડ હોવા છતા તસ્કરો એક સાથે ૬ બંધ ફલેટના તાળા તોડી તરખાટ મચાવતા વસાહતીઓમાં અચંબામાં પડી ગયા છે.

ધનતેરસના દિવસે ક્રેટા ગાડીની ડીલીવરી ન મળતા શખ્સોએ સેલ્સ મેનેજરને માર માર્યો

પાલજના શખ્સે ૩.૧.૫૦ લાખ આપી ગાડી બુક કરાવી હતી, પરંતુ લોન બાબતે તકલીફ પડતા ડીલીવરી ના મળી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના રાયસણ પીડીપીયુ માર્ગ પર આવેલા બિઝનેસ પાર્કની બહાર બે શખ્સોએ હ્યુન્ડાઈ શો રૂમના સેલ્સ એક્ઝકયુટીવ મેનેજરને પટ્ટા વડે તેમજ ગડદાપાટુનો ઢોર માર માર્યો હોવાની ઘટના બની છે. મેનેજરને માર મારનાર શખ્સે ક્રેટા ગાડી રૂ.દોઢ લાખ આપી બુક કરાવી હતી અને ધનતેરસના દિવસે ગાડી લેવાની હતી. પરંતુ કારની લોન અંગે કોઈ તકલીફ પડતા ગાડીનું પેમેન્ટ ન થતા ગાડીની ડીલીવરી મળી ન હતી. જેથી શખ્સે સેલ્સ મેનેજરને માર મારતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. શહેરના સેકટર-૪ સી પ્લોટ નં. ૬૪૦-૧ માં રહેતા મહેશ સાંકળીયા સેકટર-૨૮ ખાતે પંજાબ હ્યુન્ડાઈ શો રૂમ ખાતે સેલ્સ એકઝકયુટીવ તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧૭ ઓકટોબરના રોજ પાલજ ગામના પ્રવિણભાઈ ઠાકોર તેમજ રાજદિપસિંહ ભરતસિંહ બિહોલા શો રૂમ ખાતે ગયા હતા. જયારે રાજદિપસિંહને ક્રેટા ગાડી પસંદ આવતા રૂ.૧.૫૦ લાખ ભરી રૂ.૨૧.૪૦ લાખની ક્રેટા ધનતેરસના દિવસે લેવા માટે બુકીંગ કરાવ્યું હતું.પરંતુ કારની લોન અંગે કોઈ તકલીફ પડતા નિયત સમયે કારનું પેમેન્ટ નહી ચુકવાતા ગાડીની ડીલીવરી થઈ ન હતી. જેથી ગઈકાલે સાંજના સમયે રાજદીપસિંહે ફોન કરી મહેશને પીડીપીયુ બિઝનેસ પાર્ક ખાતે બોલાવ્યો હતો. જેને પગલે મહેશ તેના મિત્ર સાથે આવ્યો હતો. રાજદીપસિંહ સાથે પણ અન્ય મિત્રો હાજર હતા. તે સમયે મહેશને જોઈ ઉશ્કેરાઈ ગયેલા રાજદીપસિંહે ગાડીની ડીલીવરી કેમ આપી નહી કહીને ગાળો બોલી ચારેય જણાએ મહેશને ગડદાપાટુનો માર માર્યો હતો. તે સમયે રાજદીપસિંહ કમરપટ્ટો કાઢીને મહેશને ફરી વળ્યા હતા. આ મારામારીમાં મહેશને માથાના ભાગે છ ટાંકા તેમજ નાકના ભાગે ત્રણ ટાંકા લેવાની ફરજ પડી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉવારસદ ગામના ઠાકોરવાસના મકાનમાં આગ લાગતા દોડધામ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરને અડીને આવેલા ઉવારસદ ગામના ઠાકોર વાસ ખાતે ગતરોજ રાત્રીના સમયે અચાનક ઘરમાં આગ લાગી હતી. ગણતરીના સમયમાં આગની જવાળાઓની ઝપેટમાં સમગ્ર ઘર આવી ગયું હતું. ઘરમાં રહેલો ઘરવખરીનો સામાન પણ બળીને સ્વાહા થઈ ગયો હતો. જયારે બનાવની જાણ થતા તાત્કાલીક પહોંચીને ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. રાત્રીના સમયે દિવાની વાટ લઈને ઉંદર ઘરમાં ફરતા આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

ગાંધીનગરના ઉવારસદ ગામના ઠાકોર વાસ ખાતે રહેતા દિપકભાઈ સાધુ પરિવારના સભ્યો સાથે ઘરે હતા. દિવાળીના તહેવારને પગલે દિવો પ્રજવલિત કરવામાં આવ્યો હતો. જયારે ત્યારપછી રાત્રીના સમયે પરિવાર સુવાની તૈયારી કરી રહ્યો હતો. તે સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. જેને પગલે દિપકભાઈના પરિવાર સહિત આસપાસના રહીશોના જીવ પણ તાળવે ચોંટી ગયા હતા. સ્થાનિક વસાહતીઓ ઘરની બહાર દોડી આવ્યા હતા.જયારે ગ્રામજનો પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પરંતુ આગ પર કાબુ કરી શકયા ન હતા અને આગ વધુ વિકરાળ બની ગઈ હતી. જયારે બનાવની જાણ થતા ફાયરના જવાનો તાત્કાલીક પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો અને આગ વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. જો કે આગની જવાળાઓમાં ઘરવખરીનો સામાન બળીને રાખ થઈ ગયો હતો.

જયારે આગ કાબુમાં આવી જતા ગ્રામજનોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સરદાર પટેલની જન્મ જયંતિની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

આજરોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર દ્વારા અરિહત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થા ના કલાકાર દ્વારા સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી ઉજવઈએ રહી છે તે અંતર્ગત તારીખ ૨૫ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન સમગ્ર દેશની સાથોસાથ ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઉજવાઈ રહેલા એકતા ઉત્સવ અંતર્ગત ૨૭ મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન કવન પર આધારિત નુક્કડ નાટકોનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં દહેગામ તાલુકાના પાલુન્દ્રા, ચિસ્કારી, દેવકરણના મુવાડા. અમરાજીના મુવાડા તેમજ ગાંધીનગરના તાલુકાના ગામ સાદરા. વીરા તલાવડી, તારાપુર, ટીંટોડા ગામે ભજવામાં આવ્યું હતું. જેમાં તમામ ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. ગામના જશવંતસિહ ચૌહાણ, દિનેશભાઈ ચૌહાણલ શૈલેષભાઈ પટેલ, ભાવનાબેન રાઠોડ તેમજ દરેક ગામના પંચાયતના સભ્યો તેમજ ગામજનોને બાળકો ઉપસ્થિત રહ્યા હતા સાથે સંસ્થાના કલાકરો પૂજા લખાવારા, રવિરાઠોડ, વૈશાલીબેન રસ્મિબેન, ભરતી બારોટ, શૈલેષભાઈ પરમાર, સંજયભાઈ, ગોપાલભાઈ માલી, પ્રશાંત રાવલ કલાકારો દ્રારા સુંદર મજાનું નાટક દ્રારા સ્વચ્છતાની જાણકારી અને સરદાર વલ્લભભાઈ જન્મ જયંતી નિમિત્તે લોકોને જાણકારી આપી હતીને શપથ લેવડાવ્યા હતા.

હજ્જારો કિલો લસણ ફ્રી આપી ખેડુતોનો વિરોધ

ગાંધીનગર, તા.૨૯

રાજયના ખેડુતોની હાલત કફોડી બની જવા પામી છે. જેટલો ખર્ચ ખેતીમાં થાય છે તેની સામે બજારમાં પોષણક્ષણ ભાવ નહી મળતા ખેડુતોમાં નારાજગી પ્રવર્તિ રહી છે. ત્યારે ગુજરાત કિસાન સંઘ દ્વારા શહેરની છાવણી ખાતે ૪ હજાર કિલો લસણ શ્રમિકોને વિનામુલ્યે આપી અનોખો વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજયના ખેડુતોને લસણ સહિત વિવિધ ખરીફ પાકોના બજારમાં યોગ્ય પોષણક્ષમ ભાવ બજારમાં મળી રહ્યા નથી. ત્યારે ખેડુતોને લસણના પાકમાં એક મણે જેટલો ઉત્પાદન ખેતી ખર્ચ આવે છે. તેટલો ભાવ પણ માર્કેટમાં મળી રહ્યો નથી.જેથી ગુજરાતના ખેડુતો પોતાના લસણના પાકને રસ્તામાં ફેંકી દેવા મજબુર બન્યા છે. રાજયના ખેડુતોની વેદના સરકાર સુધી પહોંચે અને તંત્રની આંખ ઉઘડે તેવા હેતુથી ગુજરાત કિસાન સંગઠનના નેજા હેઠળ છાવણી ખાતે ખેડુતો દ્વારા વિના મુલ્યે લસણ વિતરણ કરી અનોખો રીતે વિરોધ નોંધાવ્યો હતો. સરકાર સામે વિરોધ નોંધાવવા માટે રોષે ભરાયેલા ખેડુતો અવાર-નવાર દુધ, ફળ, શાકભાજી, સહિતની ચીજવસ્તુઓને રોડ પર ફેંકી દેતા હોય છે. ત્યારે કિશાન સંઘ ગુજરાત તેમજ ખેડુતોએ સાથે મળી લસણ શ્રમિક પરિવારનો ફીમા આવી વિરોધ નોંધાવ્યો હતો. રાજય સરકાર દ્વારા રાજયના ખેડુતોને દેવામાં ડુબતા બચાવવા માટે તાત્કાલીક ધોરણે લસણ જેવા વિવિધ પાકની ટેકાના ભાવે ખરીદી, એક્ષપોર્ટ, સ્ટોક કે પ્રોસેસ સહિતની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ ગુજરાત કિશાન સંગઠન દ્વારા ખેડુત મિશન-૨૦૨૨ અંતર્ગત કરવામાં આવી છે.

ખેતીકામમાં વાવેતર થી કાંપણી સુધી એક એકરે લસણની ખેતી માટે ૩૭ હજારથી વધુ રૂપીયાનો ખર્ચ થાય છે. જયારે એક એકરમાં ૧૫૦ મણ જેટલુ લસણનું ઉત્પાદન થાય છે. ત્યારે આ વર્ષે લસણનો પ્રતિમણ ભાવ અંદાજીત ૧૫૦ જેટલો મળી રહ્યો છે. ખેડુતોને રૂ.૩૭ હજારથી વધુના ખર્ચની સામે માત્ર ૨૨ હજાર રૂપીયા મળે છે. જેથી લસણની ખેતી કરતા ખેડુતોને રૂ.૧૪ હજાર થી વધુની ખોટ ખાવી પડી છે. ત્યારે લસણના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડુતોએ અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

ગાંધીનગરના સહકારી ક્ષેત્રના જાણીતા યુવા આગેવાન અને તેમના ધર્મપત્ની મહીલા અગ્રણીએ ૧૦૮ માટીના કોડીયા દિવા પ્રગટાવી અદભૂત નિવાસસ્થાનનો નજારો સર્જી પર્વના મહિમાને દિપાવ્યો હતો.

ચિલોડા વિસ્તારમાં ખરીફ પાકની લણણીમાં મગફળી, કપાસ અને ડાંગરના મુખ્ય પાકોમાં ખેડૂતો મશગુલ

બટાટાની વાવણી માટે સજ્જ બનતાં ધરતીપુત્રો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તાર ગણાતો મુખ્યત્વે ચિલોડાના આસપાસના ખેડૂતો અને નાગરિકો દિપોત્સવી પર્વની ઉજવણીમાં ઉમંગભેર ઉજવણી કરી રહયા છે. ત્યારે ચાલુ વર્ષે ખેડૂતોએ મેઘરાજાની મહેર થતાં મગફળી, કપાસ અને ડાંગર માટે માફકસર, અનુકુળ વાતાવરણ મળતાં ખરીફ પાક લાભકર્તારૂપ નીવડતાં ખેડૂતોમાં હર્ષની લાગણી પ્રસરવા પામી છે. મગફળી કાઢવા અને લેવા તથા ડાંગરમાં હાઈવેસ્ટર અને મજૂરોને કામે લગાડી તડામાર ખરીફ પાક લેવા ખેડૂતો આતુર બન્યા છે. હાલમાં મગફળીનો અંદાજે ૧૩૦૦થી ૧૫૦૦નો ભાવ અને કપાસ ૧૫૦૦થી ૧૭૦૦ સુધી અને ડાંગર ૩૪૦ થી ૩૭૫ સુધી ખાનગી વેપારીઓ ખરીદવા તલપાપડ બન્યા છે એકબાજુ ખરીફપાકની લણણી અને રવી સીઝન તરીકે ચિલોડા પંથક શાકભાજીનો રાજા ગણાતો બટાટાની વાવણી માટે ખેત-ગાળવણ અને બિયારણ માટે ખેડૂતો સજજ બન્યા છે. બટાકામાં ખાસ બાદશાહ, પોખરાજ સિવાય વધુ એલઆર બટાકાનું બિયારણની પસંદગીમાં અગ્રીમતા આપી જરૂરી ખાતરની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે.

દિવાળી પર્વમાં ગ્રામ્ય વિસ્તારમાં ફુલોના ગરબાનું વિશેષ મહત્વ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિવાળી પર્વ નિમિત્તે ફુલોના ગરબા (માંડવી)ઓનું વિશેષ અનોખી રીતે ઉજવણીમાં ગ્રામ્યજનો વધુ ઉત્સાહી બની મોડી રાત્રે ઢોલકના સથવારે મહિલાઓ અને યુવાનો નવા કપડા પહેરી કલાકારોના વૃંદના સુર સાથે જુન ઢબના પ્રાચીન ગરબા ગાવાની પ્રથા હજુ ચિલોડા અને શિહોલી ગામ તથા પાલજ સહિતના વિસ્તારોમાં ફુલોના ગરબા માથે મુકી મહિલાઓ ગરબે ઘુમી પર્વ પ્રત્યે આસ્થા વ્યક્ત કરે છે. સાથોસાથ દેવી પ્રત્યે અતુટ શ્રધ્ધા વ્યક્ત કરી ગરબા એજ ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતના પ્રતિક સમા ગૌરવરૂપ સાક્ષી બન્યા છે.